# વડોદરા મહાનગરપાલિકા
## આરોગ્ય વિભાગ
## મેલેરીયા મુક્ત ગુજરાત-૨૦૨૨ અભિયાન

**www.vmc.gov.in**

## કરાર આધારિત ભરતી અંગેની જાહેરાત

વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગના મેલેરીયા મુક્ત ગુજરાત-૨૦૨૨ અભિયાન,વાહકજન્ય રોગ નિયંત્રણ તથા પાણીજન્ય રોગ નિયંત્રણલક્ષી વિવિધ ક્ષેત્રિય કામગીરી માટે શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે ૧૧ માસના કરાર આધારીત તદન હંગામી ધોરણે નીચે જણાવેલ જગ્યાઓ માટે સીધી ભરતીથી ભરતી કરવા માટે માત્ર ઓનલાઇન અરજીઓ **તા.૨૫/૦૫/૨૦૨૦ થી તા.૩૧/૦૫/૨૦૨૦ સુધી** મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા |
|---|---|---|
| ૧ | પબ્લિક હેલ્થ વર્કર | ૧૯૮ |
| ૨ | ફિલ્ડ વર્કર (પુરૂષ) | ૩૭૯ |

ઉમેદવારે www.vmc.gov.in વેબસાઇટ પર **તા.૨૪/૦૫/૨૦૨૦(૦૦.૦૧ કલાક) થી તા.૩૧/૦૫/૨૦૨૦ (૨૩.૫૯ કલાક)** સુધીમાં ઓનલાઇન અરજી કરી શકાશે.

(૧) કોઇપણ સંજોગોમાં ટપાલ કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહી. ફક્ત ઓનલાઇન જ અરજી કરવાની રહેશે. (૨) આ જગ્યાઓની શૈક્ષણિક લાયકાત , પગાર ધોરણ તેમજ અન્ય માહિતિઓ/શરતો વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ www.vmc.gov.in પરથી તા.૨૫-૦૫-૨૦૨૦ બાદ મેળવી શકાશે.

**મ્યુનિસિપલ કમિશ્નર**
**વડોદરા મહાનગરપાલિકા**

**પી.આર.ઓ. નં.૮૬/૨૦-૨૧**

વડોદરા મહાનગરપાલિકા
આરોગ્ય વિભાગ
www.vmc.gov.in

## તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારિત ઈસમો લેવા અંગેની જાહેરાત

## (પી.આર.ઓ. જાહેરાત ક્રમાંકઃ ૮૬/૨૦૨૦-૨૧)

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | કેટેગરી (રોસ્ટર પોઇન્ટ) |
|---|---|---|---|
| ૧ | ફિલ્ડ વર્કર(પુરૂષ) | ૩૭૯ | અ.જા. – ૨૬<br>અ.જ.જા. – ૫૬<br>સા.શૈ.પ.વ. – ૧૦૨<br>બિન અનામત – ૧૫૮<br>આ.ન.વ. (EWS) -૩૭ |

**(૧) શૈક્ષણિક લાયકાત તથા અનુભવઃ**

(૧) ઓછામાં ઓછું ધોરણઃ ૮ પાસ

(૨) સાયકલ ચલાવતાં આવડવું જોઇએ.

(૩) આરોગ્યલક્ષી કામગીરીના અનુભવ ધરાવતાં ઉમેદવારને પ્રાધાન્ય

(૪) વડોદરા શહેરના ઉમેદવારને પ્રાધાન્ય આપવામાં આવશે.

**(૨) માસિક મહેનતાણુઃ** માસિક રૂા.૮,૫૦૦/- (ઉચ્ચક)

**(૩) ઉંમરઃ** જાહેરાતની તારીખે ૧૮ વર્ષથી ઓછી નહી અને ૪૫ વર્ષથી વધુ નહી.
(વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગમાં અગાઉ ક્ષેત્રિય ફરજ બજાવેલ ઉમેદવારો માટે જાહેરાતની તારીખે ૫૯ વર્ષથી વધુ નહીં)

**(૪) નિંમણુંકની મુદ્દતઃ** તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારિત

(૫) ઉમેદવાર કોઇ પણ એક ઝોનમા કોઇ એક કેટેગરીમા જ ફોર્મ ભરી શકશે. એક કે તેથી વધુ અરજી ધ્યાને આવ્યેથી જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવી અરજી ધ્યાને લેવામા આવશે નહી.

(૬) કેટેગરીવાઇઝ કોમન એક મેરીટ બનાવવામા આવશે જે મુજબ ઉમેદવારે પસંદગી આપેલ ઝોન મા જગ્યા હશે તો પ્રાધાન્ય આપવામા આવશે.

(૭) સદર ભરતી બાબતે વધુ વિગત મેળવવા માટે વાહક જન્ય રોગ નિયંત્રણ શાખાનો રજા સિવાય કચેરી સમય દરમ્યાન ૦૨૬૫-૨૫૬૪૩૦૦ પર સંપર્ક કરી માહિતી મેળવી શકાશે.

## વડોદરા મહાનગરપાલિકા, આરોગ્ય વિભાગ

### ફિલ્ડ વર્કરની ગુણાંકન પધ્ધતિ - ૨૦૨૦
### પી.આર.ઓ.નં. ૮૬/૨૦૨૦-૨૦૨૧

| અ.નં. | વિગત | ધોરણ | ગુણ | મહતમ ગુણ |
|---|---|---|---|---|
| ૧ | શૈક્ષણિક લાયકાત આધારે ગુણાંકન | ૮ પાસ | ૫ | મહત્તમ-૫૦ |
| | | ૯ પાસ | ૧૦ | |
| | | ૧૦ પાસ | ૨૦ | |
| | | ૧૧ પાસ | ૩૦ | |
| | | ૧૨ પાસ | ૪૦ | |
| | | સ્નાતક | ૫૦ | |
| ૨ | કોઇપણ ક્ષેત્રનો અનુભવ ધરાવનારને મળવાપાત્ર ગુણાંકન | ૧ થી ૨ વર્ષ સુધી | ૧૦ | મહત્તમ-૪૦ |
| | | ૨ થી ૪ વર્ષ સુધી | ૨૦ | |
| | | ૪ થી ૬ વર્ષ સુધી | ૩૦ | |
| | | ૬ વર્ષથી વધુ સુધી | ૪૦ | |
| ૩ | વડોદરા શહેર સ્થાનિક રહેવાસી | ********* | ૧૦ | ૧૦ |
| ૪ | આરોગ્ય વિભાગની કામગીરીનાં અનુભવનાં આધારે મળવાપાત્ર ગુણાંકન | આરોગ્ય ક્ષેત્રમાં કોઇપણ કામગીરીનો અનુભવ ધરાવનારને મળવાપાત્ર ગુણાંકન | ૧૦ | મહત્તમ-૨૦ |
| | | વી.એમ.સી. ના આરોગ્ય ક્ષેત્રમાં કોઇપણ કામગીરીનો અનુભવ ધરાવનારને મળવાપાત્ર ગુણાંકન | ૨૦ | |
| કુલ ગુણ | | | | ૧૨૦ ગુણ |

નોંધ :- પસંદગી પામેલ ઉમેદવારો એ ફરજીયાત પોતાની સાઈકલ લઈ ફરજ બજાવવાની રહેશે.

ક્રમ-૧) ઉપરોક્ત ગુણાંકન પધ્ધતિમાં મહતમ શૈક્ષણિક લાયકાત ધ્યાને લઈ ગુણાંકન કરવામાં આવશે. (જેઓએ ૧૦ ધોરણ પછી કોઈ ડીપ્લોમાં કોર્ષ(ઠરાવ ક્રમાંક :- ૨વભ-૧૦૨૦૧૧-યુ.ઓ.૧૯૦ક મુજબ) કરેલ હશે તો તેને ધોરણ ૧૨ સમકક્ષ ગણી ગુણાંકન કરવામાં આવશે.)

ક્રમ ૨) કોઇપણ ક્ષેત્રના અનુભવનો અર્થ અહી આરોગ્ય તેમજ અન્ય કોઈપણ કામગીરીનો ગણવામાં આવશે.
ક્રમ ૪) બતાવ્યા મુજબ આરોગ્ય અને વી.એમ.સી. ના આરોગ્યમાં કામગીરી અંગે વધારાના ગુણાંક આપવામાં આવશે. જે માટે જરૂરી સાધનિક કાગળો, જરૂરી પુરાવા જેતે સમયે રજુ કરવાના રહેશે. ડોક્યુમેન્ટ વેરીફિકેશન સમયે રજુ ન કર્યેથી માર્કની ગણતરી કરવામાં આવશે નહી.

**ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં કરેલ કોર્સ તથા પોલીટેકનીકમાં કરેલ ત્રણ વર્ષના ડીપ્લોમા કોર્સને સરકારી નોકરી માટે ધોરણ-૧૦ તથા ૧૨ સમકક્ષ ગણવા અંગે.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
**ઠરાવ ક્રમાંકઃ રવભ-૧૦૨૦૧૧-યુ.ઓ.૧૯૦.ક**
સચિવાલય, ગાંધીનગર.
**તા.૧૫ . ૦૫ .૨૦૧૨**

વંચાણે લીધાઃ

૧. શિક્ષણ વિભાગના તા. ૨.૬.૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક મશબ-૧૨૧૧-૫૯૦-છ
૨. ગુજરાત જાહેર સેવા આયોગના તા.૨૭.૩.૨૦૧૨ ના પત્ર ક્રમાંક સમક-ટકન-૨૦૧૧-૩૬૧૭-ઇ

## <u>ઠ રા વ:-</u>

શિક્ષણને રોજગારલક્ષી બનાવવા આઇ.ટી.આઇ તથા પોલીટેકનિકમાં અપાતા કૌશલ્યવર્ધન શિક્ષણને વધુ ઉતેજન આપવાના હેતુથી તેમજ કૌશલ્ય તાલીમ અને ઉચ્ચ શિક્ષણ વચ્ચે સેતુ બંધાય તે હેતુથી રાજયની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ( I.T.I ) તેમજ પોલીટેકનીક કોલેજોના માન્યતા પ્રાપ્ત અભ્યાસક્રમોને સરકારી નોકરી તેમજ શૈક્ષણિક હેતુસર ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની સમકક્ષ ગણવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી. આ પૈકી શિક્ષણ વિભાગ દવારા વંચાણે લીધેલ ક્રમ-૧ પરના તા. ૨.૬.૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક મશબ-૧૨૧૧-૫૯૦-છ થી આ પ્રકારના અભ્યાસક્રમોને શૈક્ષણિક હેતુસર ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨ ની સમકક્ષ ગણવાના હુકમો કરવામાં આવેલ છે. હવે આ અભ્યાસક્રમોને સરકારી નોકરી માટે પણ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સમકક્ષ ગણવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. સક્રિય વિચારણાને અંતે સરકાર નીચે મુજબ ઠરાવે છે.

(૧) જે ઉમેદવારોએ ધોરણ-૮ પછી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (I.T.I.) નો બે વર્ષ કે તેથી વધુ સમયગાળાનો માન્યતા પ્રાપ્ત કોર્સ કરેલ હોય અને તે માટેની નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ (N.C.V.T.) અથવા ગુજરાત કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ (G.C.V.T.) ની પરીક્ષા પાસ કરેલ હોય તથા જો તેઓએ પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક

શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ ની અથવા ગુજરાત ઓપન સ્કુલ એકઝામીનેશનની ગુજરાતી તેમજ અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરેલ હોય તો, તેવા ઉમેદવારોને સરકારી નોકરીના હેતુ માટે ધોરણ-૧૦ ની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવાના ગણવાના રહેશે.

(૨) જે ઉમેદવારોએ ધોરણ-૧૦ પાસ કર્યા પછી આઇ.ટી.આઇ. નો બે વર્ષનો અથવા તેથી વધુ સમયનો માન્યતા પ્રાપ્ત કોર્સ કરેલ હોય અને તે માટેની નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ (N.C.V.T.) અથવા ગુજરાત કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ (G.C.V.T.) ની પરીક્ષા પાસ કરેલ હોય અને તેઓએ જો પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૨ ની અથવા ગુજરાત ઓપન સ્કુલ એકઝામીનેશનની અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરેલ હોય તો તેવા ઉમેદવારોને સરકારી નોકરીના હેતુ માટે ધોરણ-૧૨ ની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવાના ગણવાના રહેશે.

(3) જે ઉમેદવારોએ ધોરણ-૧૦ પછી પોલીટેકનીકમાં ૩ વર્ષનો ડિપ્લોમા કોર્સ કરેલ હોય તેવા ઉમેદવારોને સરકારી નોકરીના હેતુ માટે ધોરણ-૧૨ ની લાયકાત ધરાવતા હોવાના ગણવાના રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જેએમજોષી

(જે.એમ.જોષી)

ઉપસચિવ

સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ

માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી.

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી.

માન. મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓ ના અંગત સચિવશ્રીઓ.

માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.

મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી

* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.